# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका   Bajkhedawal Patrika




વર્ષ : ૦૨    ૨૦૨૫ : માર્ચ

અંક : ૦૩



**: તંત્રી :**

**શ્રી દિલીપભાઈ પંડયા**

૨૮, બાજખેડાવાળ સોસાયટી, મણીનગર (પૂર્વ)

અમદાવાદ–૩૮૦૦૦૮. (મો.) ૯૩૭૪૫૦૨૭૮૩



**: પ્રકાશક :**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન

૧–૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ–૮

મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

## શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી. - અમદાવાદ
## વિદ્યોતેજક ફંડ રૂ. ૧૫૦૦૦/-ના દાતા



### હેમંતકુમાર પ્રફુલચંદ્ર ભટ્ટ

મારું નામ હેમંતકુમાર પ્રફુલચંદ્ર ભટ્ટ વતન ગામ ઉમરેઠ, હાલમાં ન્યુ રાણીપ, અમદાવાદ ખાતે કાયમી વસવાટ ધરાવું છું. સર્વે પ્રથમ આપશ્રી જ્ઞાતિજનોને જય મહાદેવ, જયશ્રી કૃષ્ણ.

મારી ટૂંકમાં જીંદગીની સફર બાબતે જણાવવાનું કે હું એસ.આર.પી.એફ.માં આર્મ્ડ પોલીસ કોન્સ. તરીકે તા. ૧-૨-૧૯૮૩માં ભરતી થયેલ હતો. અંડર ગ્રેજ્યુએશનના અભ્યાસ દરમ્યાન મારી આર્થિક પરિસ્થિતિ નબળી હોઈ શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી. તરફથી અમોને આર્થિક સહાય મળેલ હતી. જે બદલ શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.નો ખૂબ ખૂબ આભાર માનું છું. કોલેજના ત્રીજા વર્ષ દરમ્યાન રોજગાર વિનિમય કચેરી તરફથી ઈન્ટરવ્યૂ આપી નિમણૂંક પામેલ. ત્યારબાદ ટ્રેનિંગ અને સર્વિસ સમય સને ૨૦૦૫ સુધી ગુજરાતના લગભગ જીલ્લા તેમજ કેટલાક રાજ્યોમાં પણ (ચુંટણી બંદોબસ્ત) માટે ફરજ બજાવેલ. ત્યારબાદ સને ૨૦૦૬ થી પોલીસ સબ ઈન્સ્પેક્ટર તેમજ પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે પ્રમોશન મેળવી અમદાવાદ, સુરત તેમજ ભચાઉ, કચ્છ વગેરે. જીલ્લામાં કાયદો-વ્યવસ્થાની ફરજ બજાવેલ. છેલ્લે તા. ૩૧-૧૦-૨૦૨૦ના રોજ હતી. પોલીસ ઈન્સ્પેક્ટરના હોદ્દાથી વયનિવૃત્ત થયેલ છું. તેમ જ હાલમાં મહાદેવજીની કૃપાથી સ્વસ્થ, સુખી અને આનંદમયી જીવન અમો વીતાવીએ છીએ.

હાલમાં મારા પુત્ર નામ મિતેષ (રહે. જામનગર) પુત્રી નામ રિમ્પલ (રહે. અમદાવાદ)નાઓ પૈકી પુત્ર મિતેષની તા. ૩-૩-૨૬ના રોજ જન્મદિવસ હોઈ શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.માં ફૂલ નહિ તો ફૂલની પાંખડી સ્વરૂપે રૂ. ૧૫૦૦૦/- ભેટ આપું છું.

## શ્રી વસો બાજખેડાવાળ મંડળ

ખેડાવાળ મહોલ્લો, મુ. વસો-૩૮૭૩૮૦, તા. વસો, જી. ખેડા

શ્રી વસો બાજખેડાવાળ મંડળ દ્વારા વસોમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ મહાશીવરાત્રી મહોત્સવનું આયોજન કરેલ અને તા. ૧૫-૨-૨૬ને રવિવારની રાત્રીએ શ્રી જગ્નેશ્વર મહાદેવમાં રૂદ્રાભિષેક રૂદ્રિ પૂજાવિધી ૯ થી ૧૨ કલાકે કરવામાં આવી અને પૂજા વિધિમાં શ્રી રાજુભાઈ અશ્વિનભાઈ દવેએ લાભ લીધેલ અને જ્ઞાતિજનોએ દર્શનનો લાભ લીધેલ અને આચાર્યશ્રી કિશનભાઈ હરેશભાઈ દવે પૂંજાવિધીનો કાર્યક્રમ પૂર્ણ કરેલ અને બીજા દિવસે તા. ૧૬-૨-૨૬ને સોમવારે ભંડારાનું આયોજન કરેલ હતું.

આ શુભપ્રસંગે સમગ્ર આયોજન ખર્ચ ફરાળ તથા ભોજન અને પૂજાપા સહિતનો ખર્ચ દાતાશ્રી શ્રીમતી લીલાબેન રમેશચંદ્ર દેસાઈ મહુધાના વતની (હાલ પૂના) નીવાસી તરફથી ખર્ચ આપવામાં આવ્યો હતો.

આ શુભ પ્રસંગે શ્રી વસો બાજખેડાવાળ મંડળ તથા વસો જ્ઞાતિ સમાજ દાતાશ્રીનો ખૂબ ખૂભ આભાર વ્યક્ત કરે છે અને જ્ઞાતિજનોએ મહાદેવજીનો પ્રસાદનો લાભ લીધેલ આ ઉત્સવની પૂર્વ તૈયારી કરનાર રાજુભાઈ એમ. દવે દ્વારા પ્રસંગને પૂર્ણ કરેલ આ પ્રસંગે શ્રી વસો બાજખેડાવાળ મંડળ દાતાશ્રીનો તથા જ્ઞાતિજનોનો ખૂબ ખૂબ આભાર માને છે.

**રાજેન્દ્ર એમ. દવે**
**મંત્રી**

---

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ - અમદાવાદ

મંગલમ સ્ટોર્સ, ઈચ્છાબેનની વાડીની બાજુમાં, પુષ્પકુંજ, કાંકરીયા, અમદાવાદ-૨૮

(મો.) ૯૩૨૮૨૩૦૬૭૦, ૯૯૧૩૬૧૬૦૬૪

### ગંગાપૂજન ધાર્મિક વિધિ

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા આવનારી તારીખ ૨૫-૦૫-૨૦૨૬, સોમવારના રોજ ગંગા દશેરાના દિવસે ગંગા પૂજનની ધાર્મિક વિધિનું આયોજન કરવામાં આવ્યું છે.

જે ભાઈ બહેનને આ વિધિમાં ભાગ લેવાનો હોય તેઓ નીચે આપેલ મોબાઈલ નંબર પર પોતાના નામ લખાવી દેશો.

(૧) ભોપીબેન ભટ્ટ (મો.) ૯૩૨૮૨૩૦૬૭૦ (૨) તૃપ્તિબેન જોષી (મો.) ૯૮૨૫૦૦૯૮૫૧ (3) જલ્પાબેન જોષી (મો.) ૭૩૮૩૯૩૧૭૪૨

આ વિધિ અંગે અન્ય માહિતી મોબાઈલ પર સંપર્ક કરીને મેળવી લેશો. નામ લખાવાની છેલ્લી તારીખ ૧૫-૫-૨૦૨૬ છે.

### ડાન્સ કોમ્પીટીશન

અમારી સંસ્થા દ્વારા તારીખ ૩૧-૫-૨૦૨૬, રવિવારના રોજ દર વર્ષની જેમ આ વર્ષે પણ ડાન્સ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું છે. જે યુવક-યુવતીઓ તથા મહિલાઓ અને

બાળકોને ભાગ લેવાની ઈચ્છા હોય તેઓએ પોતાના નામ ઉપર દર્શાવેલ મોબાઈલ નંબર પર નોંધાવી દેવા.

તારીખ ૩૧–૦૫–૨૦૨૬, રવિવાર, સમય – બપોરે ૨.૦૦ થી ૭.૦૦, સ્થળ – મુક્ત જીવન ઓડીટોરિયમ, સ્વામિનારાયણ મંદિર રેલ્વે ક્રોસિંગની પાસે, મણિનગર, અમદાવાદ, ભોજન સમારંભનો સમય – સાંજે ૭.૦૦ થી ૭.૩૦

**મહિલા હેલ્થ સેમિનાર**

આવતા જૂન મહિનામાં શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા જ્ઞાતિના ઉદાર દાતાશ્રીઓ તરફથી મળેલ મેડિકલ ટ્રસ્ટ અંતર્ગત તેની વ્યાજની રકમનો શુભ ઉપયોગ થાય તે માટે મહિલાઓના હેલ્થને લગતા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સેમિનારમાં મહિલાઓને હેલ્થને લગતી સમસ્યાઓ અને પ્રશ્નો માટે નિષ્ણાંત ડોક્ટરને આમંત્રણ આપવામાં આવશે. તેઓ દ્વારા આ સેમિનારમાં સમસ્યાઓના ઉકેલ, કાળજી અને નિરાકરણ અંગે માર્ગદર્શન આપવામાં આવશે. જે બહેનો આ સેમિનારમાં ભાગ લેવા ઈચ્છે છે તેઓએ પોતાના નામ ઉપરોક્ત મોબાઈલ નંબર પર નોંધાવી દેવા. નામ નોંધાવવાની છેલ્લી તારીખ ૦૧–૦૬–૨૦૨૬ છે.

**ઉમરેઠ – ડાકોર સ્થિત ઈનામ વિતરણ**

આવતા જુલાઈ મહિનામાં અમારી સંસ્થા દ્વારા ઉમરેઠ – ડાકોર સ્થિત વિદ્યાર્થીઓને ધોરણ ૧ થી ૧૨ તથા કોલેજના વિવિધ ક્ષેત્રોમાં અભ્યાસ કરી પાસ થયેલા વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવશે.

આ ઈનામ જ્ઞાતિના ઉદાર દાતાશ્રીઓએ આપેલ ટ્રસ્ટના વ્યાજમાંથી આપવામાં આવશે. સ્વ. શ્રી ગંગાબા રાજારામ શેલત, સ્વ. શ્રી દેવાંગ મહેતા ટ્રસ્ટ તેમ જ સ્વ. શ્રી વિઠ્ઠલરાય ભટ્ટના માતા–પિતાના સ્મરણાર્થે આપેલ ટ્રસ્ટના વ્યાજમાંથી ધોરણ ૧૦ તથા ધોરણ ૧૨ના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવશે. પાસ થયેલ વિદ્યાર્થીઓએ ઉમરેઠ શક્તિ કંગન સ્ટોર્સ ખાતે શ્રી વિજયભાઈ ભટ્ટને પોતાની વિગતો પહોંચડવાની રહેશે. વિગતમાં – માર્કશીટ, નામ, ધોરણ, સરનામું, મોબાઈલ નંબર આપવાનો રહેશે.

**અન્નપૂર્ણા સહાય યોજના**

શ્રી બાજખેડાવાલ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા ચાલતી આ યોજના અંતર્ગત જરૂરિયાતમંદ ભાઈ–બહેનોને ઉમરેઠ–ડાકોર સ્થિત દર ત્રણ મહિને ત્રણ મહિના ચાલે એટલી અનાજ સામગ્રી પહોંચાડવામાં આવે છે. આ માટે જ્ઞાતિના ઉદાર દાતાશ્રીઓ તરફથી સતત દાન ફંડ મળતું રહે છે. આ મહિને દાતાશ્રીઓની યાદી નીચે મુજબ છે.


(૧) સ્વ. શ્રી નિરૂબેન વસંતભાઈ દવે, વિદ્યાનગર હસ્તે અનંતભાઈ ખંભોળજા રૂ. ૧૧૦૦૦/– (૨) સ્વ. શ્રી શાંતિલાલ ચુનિલાલ ખંભોળજા, ડાકોરના સ્મરણાર્થે હસ્તે અનંતભાઈ ખંભોળજા રૂ. ૧૧૦૦૦/– (3) શ્રી હિરેનભાઈ હર્ષદરાય પંડ્યા ફેમિલી રૂ. 30000/– આ સર્વે દાતાશ્રીઓનો અમે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

**દર્શનાબેન ભટ્ટ**
**પ્રમુખશ્રી**


**તૃપ્તીબેન જોષી / ભોપીબેન ભટ્ટ**
**મંત્રીશ્રી**

| | | |
|---|---|---|
| નામ | : | કું. શ્રેયા અલ્પેશભાઈ ભટ્ટ |
| ઊંચાઈ | : | ૫'-૪'' |
| વજન | : | ૫૬ કિલો |
| જન્મ તારીખ | : | ૨૬-૦૨-૧૯૯૮ |
| જન્મ સમય | : | ૦૯.૪૫ રાત્રે |
| જન્મ સ્થળ | : | સોજીત્રા |
| અભ્યાસ | : | બી.એસ.સી., એમ.એસ.સી. |
| વ્યવસાય | : | નોકરી |
| માસિક આવક | : | - |
| મૂળ વતન | : | ઉમરેઠ |
| માતાનું નામ | : | મનીષાબેન અલ્પેશભાઈ ભટ્ટ |
| ભાઈ/બહેન | : | ૧-ભાઈ-પરણિત |
| મોસાળ | : | સોજીત્રા |
| પિતા | : | અલ્પેશકુમાર જીતેન્દ્રભાઈ ભટ્ટ |
| સરનામું | : | ૩૧, ધારાનગરી, એ.પી.સી. છાત્રાલય પાસે, આણંદ-૩૮૮૦૦૧ |
| ફોન નં. | : | ૭૩૮૩૫૨૦૫૮૮ |
| મોબાઈલ નં. | : | |
| ઈ-મેઈલ | : | alpeshbhatt2009@gmail.com |
| સંપર્ક | : | - |
| સરનામું | : | - |
| ફોન નંબર | : | - |
| પસંદગી | : | સમકક્ષ ભણેલો |
| નોંધ | : | હાલ યુ.એસ.એ. એચ-૧ વિઝા પર છે. |

| | | |
|---|---|---|
| ગોત્ર | : | ચિત્રાણસ્ય |
| નક્ષત્ર | : | શતભીષા |
| રાશિ | : | કુંભ |
| નાડી | : | આદી |
| ગણ | : | રાક્ષસ |
| વર્ણ | : | શુદ્ર |
| યોનિ | : | અશ્વ |
| વર્ગ | : | મેષ |




| | | |
|---|---|---|
| Name | : | Ku. Riya Nileshkumar Pandya |
| Height | : | 5’-3’’ |
| Weight | : | 58 Kg. |
| Birth Date | : | 27-10-2000 |
| Birth Time | : | 07.45 a.m. |
| Birth Place | : | Ahmedabad |
| Education | : | B.E. - Electrical Engineer |
| Profession | : | Job |
| Monthly Income | : | Rs. 50000/- |
| Native Place | : | Vaso |
| Mother Name | : | Hetalben Nileshkumar Pandya |
| Borther/Sisters | : | 1-Brother-Unmarried |
| Maternal Place | : | Milankumar Yogeshkumar Dave |
| Father | : | Nileshkumar Haribhai Pandya |
| Address | : | G-2, Jalanand Apartment, Opp. Jalaram Complex, Nana Bazar, Vallabh Vidhyanagar, Anand-388120 |
| Phone No. | : | - |
| Mobile No. | : | 9909956525 |
| E-mail | : | nileshkumar7502@gmail.com |
| Address | : | G-2, Jalanand Apartment, Opp. Jalaram Complex, Nana Bazar, Vallabh Vidhyanagar, Anand-388120 |
| Phone | : | 6357992297 |
| Choice | : | Equal Qualification |
| Note | : | - |
| Gotra | : | Shandilas |
| Nakshatra | : | Swati |
| Rashi | : | Tula |
| Nadi | : | Antya |
| Gan | : | Dev |
| Varna | : | Shudra |
| Yoni | : | Manish |
| Varg | : | Yuga |




| | | |
|---|---|---|
| Name | : | Ku. Dhruvi Heratkumar Pandit |
| Height | : | 5’-3’’ |
| Weight | : | 65 Kg. |
| Birth Date | : | 18-06-2000 |
| Birth Time | : | 12.05 p.m. |
| Birth Place | : | Vadodara |
| Education | : | Doctor of Pharmacy |
| Profession | : | Job |
| Monthly Income | : | Rs. 34000/- |
| Native Place | : | Anand |
| Mother Name | : | Heena Pandit |
| Borther/Sisters | : | 1-Unmarried |
| Maternal Place | : | Bhaveshkumar Manharlal Bhatt-Vadodara |
| Father | : | Heratkumar Madhusudan Pandit |
| Address | : | 32, Anjaniya Niketan, Nr. Shantikunj Society, B/h. Nanan Bazar, B/h. G.H.Patel Com. Sci. College, Vallab Vidhyanagar, Anand-388120 |
| Mobile No. | : | 9824167426 |
| E-mail | : | - |
| Contact | : | As Above |
| Address | : | As Above |
| Phone | : | As Above |
| Choice | : | Post Greduate (Science) And Family Oriented |
| Note | : | - |

| | | |
|---|---|---|
| Gotra | : | Samanas |
| Nakshatra | : | Purva Shadha |
| Rashi | : | Dhan |
| Nadi | : | Madhya |
| Gan | : | Manushya |
| Varna | : | Kshatriya |
| Yoni | : | Vanar |
| Varg | : | Sarp |




નામ : ચિ. સમ્યક પ્રતીક ઠાકર ઊંચાઈ : ૫'–૧૦'' વજન : ૭૫ કિલો
જન્મતારીખ : ૩૦–૧૨–૨૦૦૦ જન્મસ્થળ : અમદાવાદ જન્મસમય : ૦૮.૫૮ રાત્રે
અભ્યાસ : બેચલર ઓફ મીકેનીકલ, માસ્ટર ડીગ્રી મીકેનીકલ (કેડ/કેમ)
મૂળવતન : મહુધા વ્યવસાય : નોકરી
માસિક આવક : –
ગોત્ર : લંકાનસ
રાશિ : કુંભ
નક્ષત્ર : સતભીષા
નાડી : આધ્ય
માતાનું નામ : પીંકી પ્રતીક ઠાકર
ભાઈ/બહેન : ૧–બહેન–પરણિત
પિતાનું નામ : પ્રતીક બી. ઠાકર
સરનામું : ૭૦૨, પ્રભુવત–૨, શાંતિવન બસ સ્ટેન્ડ પાસે, પાલડી, અમદાવાદ–૭
ફોન/મોબાઈલ : ૯૭૧૨૧૦૭૨૮૪, ૯૮૨૫૦૦૭૨૬૪





---

નામ : ચિ. મોહિત પરેશ દવે ઊંચાઈ : ૫'–૭'' વજન : ૭૦ કિલો
જન્મતારીખ : ૧૦–૧૨–૧૯૯૮ જન્મસ્થળ : અમદાવાદ જન્મસમય : ૦૮.૨૮ સવારે
અભ્યાસ : બી.ટેક. (મીકેનીકલ એન્જી. નિરમા યુનિવર્સિટી)
મૂળવતન : સોજીત્રા વ્યવસાય : નોકરી
માસિક આવક : –
ગોત્ર : પૌનસ
રાશિ : સિંહ
નક્ષત્ર : મઘા
નાડી : મધ્ય
માતાનું નામ : વર્ષાબેન પી. દવે
ભાઈ/બહેન : ૧–બહેન–પરણિત
પિતાનું નામ : પરેશ કાલીદાસ દવે
સરનામું : ૮, શિવરંજની સોસાયટી, સેટેલાઈટ રોડ, અમદાવાદ–૩૮૦૦૧૫
ફોન/મોબાઈલ : ૯૪૨૭૬૨૨૬૭૮ (What'sApp Call Upto June-26), ૯૭૧૪૯૨૮૩૧૨




| | | |
|---|---|---|
| નામ | : | ચિ. વત્સલ અતુલભાઈ દવે |
| ઊંચાઈ | : | ૫'–૮'' |
| વજન | : | ૫૩ કિલો |
| જન્મ તારીખ | : | ૨૩–૧૨–૧૯૯૬ |
| જન્મ સમય | : | ૦૪.૪૦ સાંજે |
| જન્મ સ્થળ | : | થામણા–ઉમરેઠ |
| અભ્યાસ | : | બી.ઈ. મીકેનીકલ |
| વ્યવસાય | : | નોકરી |
| માસિક આવક | : | રૂ. ૬૦૦૦૦ + ઈન્સેન્ટીવ |
| મૂળ વતન | : | ઉમરેઠ |
| માતાનું નામ | : | અનસૂયાબેન અતુલભાઈ દવે |
| ભાઈ/બહેન | : | ૧–બહેન–પરણિત |
| મોસાળ | : | હરિપ્રસાદ શંકલાલ ત્રિવેદી–નરસંડા |
| પિતા | : | અતુલભાઈ ભગવતપ્રસાદ દવે |
| સરનામું | : | વ્યાસ ફળિયું, દરવાજામાં, થામણા, તા. ઉમરેઠ, જી. આણંદ |
| ફોન નં. | : | – |
| મોબાઈલ નં. | : | ૭૦૧૬૧૦૬૯૮૫, ૯૪૦૮૭૩૦૭૭, ૯૪૦૯૧૬૮૯૫૩ |
| ઈ–મેઈલ | : | vatsaldave2312@gmail.com |
| સંપર્ક | : | – |
| સરનામું | : | – |
| ફોન નંબર | : | – |
| પસંદગી | : | Supportive, Understanding & Belives in Maintaining a balance between career & Family |
| નોંધ | : | – |

| | | |
|---|---|---|
| ગોત્ર | : | કશ્યપ |
| નક્ષત્ર | : | રોહીણી |
| રાશિ | : | વૃષભ |
| નાડી | : | અંત્ય |
| ગણ | : | મનુષ્ય |
| વર્ણ | : | વૈશ્ય |
| યોનિ | : | સર્પ |
| વર્ગ | : | મૃગ |



| | | |
|---|---|---|
| નામ | : | ચિ. તીર્થ કાનનબેન મહેતા (Luxembourg - Europe) |
| ઊંચાઈ | : | ૬'–૩'' |
| વજન | : | ૯૦ કિલો |
| જન્મ તારીખ | : | ૦૨–૦૯–૨૦૦૦ |
| જન્મ સમય | : | ૧૭.૪૦ સાંજે |
| જન્મ સ્થળ | : | અમદાવાદ |
| અભ્યાસ | : | B.Tech. I.T. Engineering (Software Eng. at Luxemburg EU) |
| વ્યવસાય | : | Job |
| માસિક આવક | : | – |
| મૂળ વતન | : | ઉમરેઠ |
| માતાનું નામ | : | કાનન તુષારકુમાર મહેતા (ડીયવોર્સી) |
| ભાઈ/બહેન | : | – |
| મોસાળ | : | અમદાવાદ |
| પિતા | : | – |
| સરનામું | : | ૧૪, ઈડન ગાર્ડનસ સોસાયટી, બંસીધર ગાર્ડન પાસે, નારાયણનગર રોડ, નારાયણનગર, પાલડી, અમદાવાદ–૭ |
| ફોન નં. | : | ૯૯૯૮૯૪૮૫૧૪ |
| ઈ–મેઈલ | : | kananmehta020@gmail.com, tushar47mehta@gmail.com |
| સંપર્ક | : | તુષારકુમાર હરીલાલ મહેતા |
| સરનામું | : | ૧૪, ઈડન ગાર્ડનસ સોસાયટી, બંસીધર ગાર્ડન પાસે, નારાયણનગર રોડ, નારાયણનગર, પાલડી, અમદાવાદ–૭ |
| ફોન નંબર | : | ૯૯૯૮૯૪૮૪૯૨ |
| પસંદગી | : | સમકક્ષ |
| નોંધ | : | – |
| ગોત્ર | : | જાતુનર્ષ |
| નક્ષત્ર | : | સ્વાતિ |
| રાશિ | : | તુલા |
| નાડી | : | અંત્ય |
| ગણ | : | દેવ |
| વર્ણ | : | શુદ્ર |
| યોનિ | : | મહિર્ષી |
| વર્ગ | : | મૃગ |



# એકદમ સહજ ને સરળ ઈશ્વર સ્મરણ

મારી રોજ વહેલી સવારે, ત્રણ થી પાંચ વાગ્યાની વચ્ચે જાગીને, નિત્ય કર્મથી પરવારીને, હાથ પગ ધોઈને, સાફ કરીને થતી ઈશ્વર સ્મરણ પ્રક્રિયા, બહુ જન હિતાય, બહુ જન સુખાય આપ સૌને વિગતવાર જણાવું છું.

છતાં સુઈને બંને બંને હાથ ખુલ્લા અને પગ સીધા, બહાર તરફ નમેલા, આંખો બંધ રાખીને, ઉંડો શ્વાસ લેતાં, ચાર વાર.

ૐ હ્રીં નમઃ શિવાય અને શ્વાસ બહાર કાઢતાં, ચાર વાર.

ૐ હ્રીં નમઃ શિવાયનું રટણ.

આવા શ્વાસઉચ્છવાસ પાંચ વાર અને ૐ હ્રીં નમઃ શિવાય નું માનસ રટણ કુલ ૪૦ વાર.

પછી પગની પલાંઠી વાળીને સૂતાં પાંચ શ્વાસ ઉચ્છવાસ અને દરેક વખતે ૐ હ્રીં નમઃ શિવાયનું રટણ ૪૦ વાર.

હવે અલગ અલગ મુદ્રા સાથે દરેકમાં પાંચ શ્વાસ ઉચ્છવાસ સાથે ૐ હ્રીં નમઃ શિવાયનું રટણ.

૧. પહેલી આંગળી અને અંગૂઠાના ટેરવાં અડકાડી. જ્ઞાન મુદ્રા.
૨. પહેલી આંગળી અંગૂઠાના મૂળમાં અડકાડી. વાયુ મુદ્રા.
૩. વાયુ મુદ્રા સાથે બીજી અને ત્રીજી આંગળીના ટેરવા અડાડી રાખીને અપાન વાયુ મુદ્રા.
૪. અપાન વાયુ મુદ્રા બીજી ને ત્રીજી આંગળી ના ટેરવા અડાડી.
૫. ડાબા હાથની બીજી અને જમણા હાથની ત્રીજી આંગળીના ટેરવા અડાડી ને.
૬. બંને હાથની ત્રીજી આંગળી ના ટેરવા અડાડીને.
૭. બંને હાથની ટચલી આંગળી ના ટેરવા અડાડી ને.
૮. બંને હાથની ટચલી આંગળી અંગૂઠાના મૂળમાં અડકાડી ને.
૯. બંને હાથની બીજી એટલે મોટી આંગળી ને અંગૂઠાના મૂળમાં અડકાડી ને.
૧૦. બંને હાથની ત્રીજી આંગળી અંગૂઠા ના મૂળમાં અડકાડીને.
૧૧. બંને હાથની ત્રીજી અને છેલ્લી એટલે ટચલી આંગળીના ટેરવા અંગૂઠાના ટેરવાંને અડકાડીને.
૧૨. બંને હાથના અંગૂઠાને બંને હાથની બીજી અને ત્રીજી આંગળીના મૂળની વચ્ચે મુકીને.
૧૩. બંને હાથની પહેલી અને બીજી આંગળીના ટેરવા અંગૂઠાના ટેરવાં ને અડકાડી ને.
૧૪. ઉપર મુજબ જ રાખી ત્રીજી અને ચોથી આંગળીઓ વાળીને અંગૂઠાના મૂળમાં અડકાડીને.
૧૫. પાંચેય આંગળીઓ નાં ટેરવાં અડકાડી ને.
૧૬. બંને હાથ ની મુઠ્ઠી વાળીને છતી રાખીને.

૧૭. બંને હાથની મુઠ્ઠી વાળેલી છતી રાખીને આંગળીઓનાં મૂળનો ભાગ એકબીજાને અડકાડી ને હાથ નાભી અને પાંસળીઓના જોડાણની વચ્ચે મુકીને.

૧૮. હવે આંગળીઓના મધ્ય ભાગને અડકાડીને ઉપર મુજબ.

૧૯. બંને હાથની મુઠ્ઠી એકબીજાને અડકાડીને ઉપર મુજબ.

૨૦. ડાબા હાથની હથેળીમાં જમણા હાથની હથેળી મુકી બંને હાથના અંગૂઠા એકબીજાને અડકાડીને હાથ ઉપર મુજબ.

૨૧. બંને હાથ ની હથેળી એમ જ રાખી અંગૂઠા હથેળીમાં.

૨૨. ડાબા હાથની હથેળીમાં આંગળીઓ વાળીને જમણા હાથની હથેળીની પણ આંગળીઓ વાળીને ડાબા હાથની આંગળીઓને જમણા હાથની આંગળીઓ બંને બહારની તરફ ખેંચી રાખવી.

૨૩. ડાબા હાથની આંગળીઓમાં જમણા હાથની આંગળીઓ બરાબર મજબૂત ભીડાવવી, ડાબા હાથના અંગૂઠાને ઊભો રાખી જમણા અંગૂઠાથી કવર કરી આંગળીઓના મૂળમાં હૃદયના ધબકારાને અનૂભૂત કરતાં.

૨૪. બંને હાથની આંગળીઓ એકબીજામાં પરોવીને બંને હાથના અંગૂઠા પાંસળીઓના જોડાણને અડે અને બંને હાથની ટચલી આંગળી નાભીને અંગે તથા બંને હાથની પહેલી આંગળી એકબીજાને અડકાડીને ઊંચી રાખીને.

૨૫. ડાબો હાથ નાભી પર અને જમણો હાથ પાંસળીઓના જોડાણ પર ઊંધા ખોબા જેમ રાખીને.

૨૬. બંને હાથ ખુલ્લા રાખી શરીરની બંને બાજુમાં રાખીને.

૨૭. ઉપર મુજબ હાથ રાખીને પલાંઠી ખોલી પગને આગળ પાછળ, આજુબાજુ ફેરવી હળવા થતાં.

૨૮. અંતે ડાબા પડખે સુઈને ડાબા હાથની હથેળીમાં જમણા હાથની હથેળી બધી આંગળીઓને બંને અંગૂઠાને એકબીજાને અડકાડીને.

આમ શરૂઆતમાં ૪૦ + ૪૦ = ૮૦ વાર ૐ હ્રીં નમઃ શિવાય અને પછી ૨૮ અલગ અલગ મુદ્રા સાથે દરેકમાં ૪૦ વાર = ૧૧૨૦ વાર.

એમ કુલ મળીને ૧૨૦૦ વાર ૐ હ્રીં નમઃ શિવાયનું માનસ રટણ રોજ મળસ કે થાય. તદ્દુપરાંત ડાબા પડખે સુઈને, આંખ મળતાં સુધી થાય અને દિવસ દરમિયાન પણ હરતાં ફરતાં કામ કાજ કે વાતચીત સિવાય ના સમય માં પણ સતતપણે ૐ હ્રીં નમઃ શિવાયનું માનસ રટણ ચાલુ જ રહે.

આમ કોઈ પણ મંદિર કે તીર્થ ક્ષેત્રમાં ગયા વગર પણ આપણે સૌ કોઈ ઈશ્વર સ્મરણ કરી શકીએ છીએ.

## લેખક. ડો. શરદ ઠાકર (સત્ય ઘટના)

'પૂઅર મેન !' એને જોઇને ડૉ. પ્રાંજલ મોદીના હોઠો પરથી જે પ્રથમ પ્રતિક્રિયા શબ્દોરૂપે સરી પડી તે આ હતી. પછીના શબ્દો એમણે બહાર ન નીકળવા દીધા, મનની અંદર જ રાખ્યા અને તે આ હતા.

મને લાગે છે કે મારી પચીસ વર્ષ સુધીની જિંદગીમાં મેં આટલો દરિદ્ર માણસ એક પણ જોયો નથી, કદાચ ભવિષ્યમાં બીજો જોઇ શકીશ પણ નહીં. મને લાગે છે કે શબ્દકોષમાં 'ગરીબ' શબ્દનો અર્થ સમજાવવા માટે બીજું કંઇ લખવાને બદલે એની સામેની જગ્યામાં આ માણસનો ફોટો ચોંટાડી દેવામાં આવે તો વધુ યોગ્ય લાગે' પચ્ચીસ-સત્યાવીશ વર્ષ પહેલાંની વાત. શિયાળાની કાતિલ રાત. જામનગરની પ્રખ્યાત ઇરવિન હોસ્પિટલનો સર્જીકલ વિભાગ. રાતના બે વાગ્યે એક આધેડ વયના પુરુષને લઇને એની પત્ની આવી પહોંચી.

ફરજ પરની નર્સ તરત સમજી ગઇ કે આ દર્દી જિંદગીની 'અલવિદા' અને મોતને 'આદાબ' કહેવાની સરહદ પર ઊભો છે.

નર્સે તાત્કાલિક કોલબુકમાં લખ્યું, 'રિસ્પેક્ટેડ ડોક્ટર ઓન ડ્યૂટી, કાઇન્ડલી રશ ટુ ધી ઇમરજન્સી વોર્ડ. એ સિરિયસ પેશન્ટ હેઝ કમ વિથ ફીબલ પલ્સ એન્ડ' વોર્ડ બોયે દોડતાં જઇને ડોક્ટર્સ ક્વાર્ટર્સમાં ફરજ પરના હાઉસમેન ડૉ. પ્રાંજલના રૂમનું બારણું ધમધમાવ્યું.

ડૉ. પ્રાંજલએ રાતે ઇમરજન્સી ફરજ ઉપર હતા. હમણાં જ એક ઓપરેશન પતાવીને દસેક મિનિટ પૂરતા રૂમ પર આવ્યા હતા. કોલબુકમાં લખાયેલી 'તાકીદ' વાંચીને એ તરત પાછા વોર્ડમાં દોડી ગયા. જઇને જોયું તો સરી પડ્યું, 'પૂઅર મેન !' હા, દર્દી તમામ અર્થોમાં 'પૂઅર' દેખાતો હતો. એની આર્થિક સ્થિતિ તો ખરાબ હતી જ, પણ એની શારીરિક હાલત તો મરણોન્મુખ હતી.

ડૉ. પ્રાંજલે દર્દીની પલ્સ ગણવા માટે એનો હાથ પોતાના હાથમાં લીધો. એ સાથે જ પૂછપરછ શરૂ કરી, 'શું નામ છે ? ઉંમર કેટલી ? ક્યાંથી આવો છો ? શું કામ કરો છો ? તકલીફમાં શું શું થાય છે ? કેટલા સમયથી ? ક્યાંય સારવાર લીધી છે ? ક્યાં લીધી છે ? દવાઓની ચિઠ્ઠી કે ડોક્ટરનો રિપોર્ટ સાથે લાવ્યા છો ?' પ્રશ્નોની સાથે નર્સને સૂચનાઓ આપવાનું કામ સમાંતરે ચાલું જ હતું, સિસ્ટર, જલદી પેશન્ટની વેઇન પકડી લો ! ગ્લુકોઝ સેલાઇનની ડ્રીપ ચાલુ કરી દો ! કેસ પેપરમાં હું જેટલા ઓર્ડર્સ લખું તે બધાં જ ઇન્જેક્શનો બાટલા દ્વારા ઇન્ટ્રાવીનસ.' પછી દર્દીની ગામડીયણ ઘરવાળી ગભરાઇ ન જાય એ ખાતર જરા ધીમા અવાજમાં અંગ્રેજીમાં ઉમેર્યું, 'સિસ્ટર, બી ક્વિક હી ઇઝ ટુ સિરિયસ ટુ બી સેવ્ડ!'

દર્દીનું નામ નાથો. જો એની પાસે નાણાં હોત તો એ નાથાલાલ કહેવાતો હોત, નાણાં વગરનો હતો માટે નાથીયો ! એની ઘરવાળીએ થીંગડાંવાળા સાડલાના છેડામાં બાંધેલો કાગળ ડૉ. પ્રાંજલના હાથમાં મૂકી દીધો.

ડૉ. પ્રાંજલે જોયું તો એ જુનાગઢ શહેરમાં ખાનગી નર્સિંગહોમ ચલાવતા એક સર્જનની

'રેફરન્સ નોટ' હતી. એમાં લખ્યું હતું, 'આઇ એમ રિફરિંગ ધીસ પેશન્ટ વિથ એ હિસ્ટ્રી ઓફ મતલબ આ દર્દીને ટાઇફોઇડનો તાવ લાગુ પડ્યો હતો. અત્યંત ગરીબ હોવાને કારણે એ યોગ્ય સારવાર ન લઇ શક્યો. લગભગ ભિખારી જેવી હાલતને લીધે ખોરાકની ચરી પણ પાળી ન શક્યો. પરિણામે એનાં આંતરડામાં પડેલા ચાંદામાંનું એક ફાટી ગયું.

મારી પાસે એને લાવવામાં આવ્યો ત્યારે જ એની હાલત મરવાની અણી ઉપર પહોંચી ગઇ હતી. મેં એને એક દિવસ 'કોન્ઝર્વેટિવ ટ્રિટમેન્ટ' ઉપર રાખીને થોડોક 'સેટલ' કર્યો, પણ એને જરૂર છે ઓપરેશનની. આવી ગંભીર સ્થિતિને પહોંચી વળવા માટે જુનાગઢ નાનું પડે છે માટે એને ઇરવિનમાં મોકલી આપું છું.

અહીંથી ઉપડતી છેલ્લી બસ રાતે દોઢ વાગે જામનગર પહોંચશે. બસ ભાડાના રૂપિયા મેં જ આપ્યા છે. એમ્બ્યુલન્સ ઉપલબ્ધ ન થઇ શકી. આશા રાખું કે દર્દી તમારા સુધી પહોંચે ત્યારે જીવીત હોય જો નાથાને 'જીવીત' કહી શકાતો હોય તો એ જીવી રહ્યો હતો !

ડૉ. મોદીએ તાબડતોબ એના સિનિયર ડોક્ટરોને બોલાવી લીધા. નાથાની હાલત સહેજ 'સ્ટેબલ' થઇ એટલે તરત એને ઓપરેશન થિયેટરમાં લીધો. એનેસ્થેટિસ્ટે એને એનેસ્થેસિયા આપ્યું. મરતાં માણસને બેભાન કર્યો. પછી ડોક્ટરોની ટીમે દર્દીનું પેટ ખોલ્યું.

આંતરડાનું ચાંદું ફાટી ગયું હોવાથી એની અંદરનો મળ તથા પાચક રસોનું દુર્ગંધ મારતું પ્રવાહી આખી ઉદરગુહમાં પ્રસરી ગયું હતું. એ કાણું સીવીને બંધ કરી દીધું. પછી પેટમાં ફેલાઇ ગયેલો બગાડ સાફ કરવામાં એક કલાક લાગી ગયો. આખી શસ્ત્રક્રિયા સાડા ત્રણ કલાક સુધી ચાલતી રહી.

સર્જીકલ ટ્રિટમેન્ટ પૂરી થઇ, પણ મેડિકલ ટ્રિટમેન્ટ હજુ બાકી હતી. અને એ કંઇ ઓછા મહત્વની ન હતી. પાણી પીવાનીયે નાથાલાલને મનાઇ હતી. એક સામાન્ય ટેબ્લેટ પણ મોં વાટે એને આપી શકાય તેમ ન હતી. દવા – ઇન્જેક્શન – પાણી – પોષણ બધું જ લોહીની નસ વાટે આપવામાં આવતું હતું. રેસિડેન્ટ ડોક્ટરો ફરજ પર બેઠા હોય ત્યારે નાથાલાલની વાત અચૂક કાઢે જ.

આ નાથો નસીબદાર છે, બાકી એન્ટરીક પરફોરેશન જેવી ભયંકર કોમ્પ્લિકેશનમાંથી બચી શકે જ નહીં.' એક ડોક્ટર કહે. બીજો ડોક્ટર એની વાતમાં ઉમેરો કરે, 'કદાચ બચી પણ જાય, તો એનું બેંક બેલેન્સ તો ન જ બચે. આ તો ઠીક છે કે ઇરવિન હોસ્પિટલ સરકારી હોસ્પિટલ છે, એટલે ઓપરેશન સાવ મફતમાં થઇ ગયું. જો આ મફતલાલ ખાનગી નર્સિંગ હોમમાં ગયા હોત તો તદ્દન ખાલી થઇ ગયા હોત.

ડૉ. પ્રાંજલ મોદી વિચારોના જંગલમાં ભૂલા પડી ગયા, 'આ બાપડો ગરીબ માણસ આટલો ખાલી તો છે, આનાથી વધુ એ કેટલો ખાલી થઇ શકવાનો હતો ?' નાથાલાલ પાસે એની ગરીબડી પત્ની સિવાય બીજી કશી જ મૂડી ન હતી. ફાટેલો મેલોઘેલો લેંઘો અને થીગડાં મારેલો સદરો. ઓપરેશન પાકે નહીં એ માટે નર્સે એના મેલા કપડાં કઢાવડાવીને હોસ્પિટલના

ચોખ્ખાં વસ્ત્રો પહેરાવ્યાં હતાં.

પણ નાથાએ ભારપૂર્વક વિનંતી કરી હતી, 'બહેન, આ તો સરકારી કપડાં ! ઘરે જતી વખતે પાછા સોંપી દેવા પડશે ને ?

મારો લેંઘો ને જુનો સદરો સાચવી રાખજો, મારી પાસે બીજી જોડી નથી.' નાથાની પાસે એક કામળો પણ હતો પણ એ એણે પોતાની પાસે જ રાખી લીધો. ઠંડી સખત હતી અને હોસ્પિટલમાંથી માત્ર એક જ પાતળો ચોરસો ઓઢવા માટે આપવામાં આવતો હતો.

નાથાલાલ પાસે આ કામળો એકમાત્ર હૂંફ આપનારી ચીજ હતી. દોઢ મહિનાના અંતે નાથો બચી ગયો. એના આંતરડામાં પડેલા તમામ ચાંદાઓ રુઝાઇ ગયા હતા. હવે એ બાજરીનો રોટલોયે પચાવી શકતો હતો.

એક સારા દિવસે એને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યો. ડોક્ટરો અને નર્સ બહેનો ખુશ હતા, કેમ કે જે ગંભીર હાલતમાં આ દર્દી એમની પાસે આવ્યો હતો એમાં બચવાની શક્યતા બહુ ઓછી હતી.

ડૉ. પ્રાંજલ મોદીને તો એની સાથે એક ખાસ પ્રકારની લાગણી બંધાઇ ગઇ હતી. એનું કારણ એ હતું કે ડૉ. પ્રાંજલના પિતાશ્રી ગૂજરાત વિદ્યાપીઠમાં એમણે જિંદગી વિતાવેલી હતી. એટલે છેવાડાના માનવી પ્રત્યે પ્રેમ અને અનુકંપા રાખવા એ એમના લોહીમાં હતું.

છેવાડાનો માણસ ! આ એક સાપેક્ષ શબ્દ છે.

આપણે છેવાડાનો માણસ એને કહીએ છીએ જેની પાસે પૈસાના નામે એક ફૂટી કોડી ન હોય, રહેવા માટે ઘર ન હોય, પહેરવા માટે એક જોડી કપડાં હોય, બદલવા માટે બીજી જોડીનાં સાંસા હોય, સૂવા માટે પાથરણું નહીં અને ઓઢવા માટે ઓઢણું ન હોય.

ના, નાથો આ છેલ્લી વાતમાં અપવાદ હતો, એની પાસે એક ધાબળો તો હતો જ. એટલે એને સાવ છેવાડાનો માણસ ન ગણી શકાય. બધાં ડોક્ટરો એમના ડ્યૂટી રૂમમાં ચા-નાસ્તો કરતાં બેઠા હતા, ત્યાં આ ગરીબ પતિ-પત્ની જઇને ઊભા હતા, 'શું છે, નાથાભાઇ ? ઘરે જાવ છો ને ?'

ડૉ. પ્રાંજલે પૂછ્યું. 'હા, સાહેબ ! પણ એક કામ માટે આવ્યો છું. તમારી ખૂબ સેવા મેં લીધી. દોઢ મહિના સુધી હોસ્પિટલમાં ખાધું-પીધું, બદલામાં આપવા માટે મારી પાસે એક પૈસો પણ નથી. સાહેબ, સાવ એમ તો મારાથી કેવી રીતે જવાય ?

માટે મારો આ ધાબળો તમને આપતો જાઉં છું. સાહેબ, મારા જેવો જ કોઇ ગરીબ દર્દી આવે તો એને આપી દેજો ! લ્યો, ત્યારે રામ-રામ !

નાથાલાલ પત્નીના ખભાનો સહારો લઇને ચાલતા થયા. ડોક્ટરોનો સમૂહ આ દરિદ્ર માણસની અમીરાત જોઇ રહ્યો. હા, હવે નાથાલાલ સાચા અર્થમાં હિંદુસ્તાનના છેક છેવાડાના માણસ બની ગયા હતા.

# કાગડાનો કેકારવ

લેખક : ડૉ વિષ્ણુ એમ. પ્રજાપતિ, કડી

## (વાણી અને વર્તનમાં મધુરતા પાથરતી બોધકથા)

'કાંવ... કાંવ.... કાંવ....' કરતો કરતો એક કાગડો તેની ફરીયાદો લઇને ભગવાન પાસે પહોંચ્યો. તેનો ચહેરો ગુસ્સાથી રાતોચોળ થઇ ગયેલો હતો.

ભગવાન તો અંતર્યામી હતા. તે કાગડાની વર્તણૂક પરથી જ તેના આગમનનું પ્રયોજન જાણી ચુક્યા હતા, છતાં પૂછ્યુ, 'કેમ કાગરાજ, ગુસ્સામાં છો? કોઇ ઉપાધિ આવી કે શું ?

કાગડાના ગુસ્સામાં જાણે ઘી હોમાયું હોય તેમ વધુ રાતોપીળો થયો. 'ભગવાન ઉપાધિ આવી નથી, અમને આપી છે.'

'અરે કાગરાજ, તમને ઉપાધિ કોણ આપી જાય..?' ભગવાન માર્મિક રીતે હસ્યાં.

'ભગવાન તમે જ અમને ઉપાધિ આપી છે.' કાગરાજ ખરેખર ગુસ્સામાં હતા.

'હેં ? મેં તમને ઉપાધિ આપી ?' ભગવાન જાણે સાવ અજાણ હોય અને કાગડાના ગુસ્સાની મજા લઇ રહ્યા હોય તેમ તેમના ચહેરા પર પ્રશ્નભાવ જગાવ્યો.

'હે પ્રભુ ! તમે અજાણ ન બનશો તમને બધી ખબર છે. પણ તમે અમને મજાક બનાવી દીધાં છે.' કાગરાજે પોતાની વ્યથા કહેવાનું શરૂ કર્યું.

'કેમ શું થયું ? બોલશો તો ખબર પડશે ને !' ભગવાને સાંત્વના આપતા કહ્યું.

'અરે પ્રભુ અમે અને કોયલ રૂપેરંગે સરખાં જ અમારો બન્નેનો અવાજ ક કારનો જ ! તોય અમે કાંવ કાંવ કરીએ અને કોયલ મીઠો સ્વર કાઢી જાણે. આ ભેદભાવ કેમ ? અને અમારી કાંવ કાંવથી લોકો દૂર ભાગે જ્યારે કોયલનો અવાજ સાંભળવા તો રાહ જુએ. અમને ન્યાય આપો અને અમારો કર્કશ અવાજ દૂર કરી અવાજને મીઠો કરી આપો.' કાગડાએ પોતાની આખી વાત વિસ્તારથી કહી સંભળાવી.

'ઓહ કાગરાજ ! બસ આટલી જ નાની વાત તમારે મીઠો અવાજ કરવો છે ને ?' ભગવાને કાગડાની પરીક્ષા લેવાની હોય તેમ પૂછ્યું.

'હા, પ્રભુ.'

'તમારે એક કામ કરવું પડશે.'

'પ્રભુ, તમે જે કહો તે અમે કરવા તૈયાર છીએ પણ અમારો સ્વર મીઠો કરી આપો.' કાગરાજે વિનંતી કરી.

ભગવાને થોડું વિચારીને એક ઉપાય બતાવતા કહ્યું, 'કાગરાજ, હવે તમારે કેટલાક કાગડાઓ ભેગા કરી અને કોયલની સાથે રહેવું પડશે. કોયલ જેવું જીવન જીવે છે તેવી રીતભાત તમારે કેળવવી પડશે. કોયલ જેવી દિનચર્યા અને તેના જેવો ખોરાક પણ તમારે લેવો પડશે. જો તમે એક મહિનો આવું કરી શક્યા તો તમને કોયલ જેવો જ અવાજ મળી જશે.' ભગવાને તેમને ઉપાય બતાવ્યો.

'ઓહ, બસ આટલી નાની અમથી વાત. અમે આપના સૂચન પ્રમાણે કરવા તૈયાર છીએ. પણ જો તે કરી શકીએ તો તમારે અમને પણ મીઠો અવાજ આપવો પડશે.' કાગરાજે પોતાની પાંખો ફેલાવી અને આશીર્વાદ માંગતા કહ્યું.

ભગવાને હળવાં સ્મિત સાથે કહ્યું, 'તથાસ્તુ'

કાગરાજે તેમની સાથે પચાસ કાગડાઓને લીધા અને કોયલરાણી પાસે જઇને ભગવાને કહેલી વાત કહી સંભળાવી. કોયલરાણીએ તે તમામ કાગડાઓને કહ્યું, 'જો તમારો અવાજ મીઠો થતો હોય તો અમને કોઇ વાંધો નથી. તમે અમારી સાથે રહી શકો છો પણ તમારા તરફથી અમને કોઇ હેરાનગતિ થવી ન જોઇએ.'

કાગરાજે તો બધા વતી સંમતિ આપી અને કોયલની વચ્ચે રહેવાનું શરૂ કર્યું.

પહેલા દિવસે કોયલ તેમની આદત પ્રમાણે વહેલી સવારે ઉઠી પણ કાગડાઓ તો આદત પ્રમાણે ઘોરતા હતા. કોયલોએ તેમને જગાડવા પ્રયત્નો કર્યા પણ કેટલાક કાગડાઓએ તો કોયલ પર હુમલો જ કરી દીધો અને બિચારી કોયલ તો તેમને તેમની હાલતમાં પડતા મુકીને પોતાના કામે વળગી.

બપોરના ભોજનમાં કોયલે કાગડાઓને આમ્રમંજરી ખાવા જણાવ્યું. કાગડાઓએ તો તેને મોં મા મુકતા જ થૂ થૂ કરવા લાગ્યા. અરે આવું કડવું અને બેસ્વાદ ખાવાનું કાગડાઓએ તો તે છોડીને આખરે દૂર મરેલા એક ઉંદરને લાવીને તેનું માંસ ઝાપટવા લાગ્યાં.

દિવસો વિતતા ગયા. કાગડાઓ કોયલની એકપણ વાત સ્વીકારવા તૈયાર જ નહોતા. ધીરે ધીરે કાગડાઓ ઓછા થવા લાગ્યા.

બપોરે કોયલ મોટે ભાગે શાંત રહેતી. કોયલ જરૂર જણાય ત્યારે અને બહુ અ જ ઓછું બોલતી. કાગડાઓને આવી રીતે ચૂપ બેસી રહેવું એ પણ સજા લાગવા લાગી.

બાકી વધેલા કેટલાક કાગડાઓએ કાગરાજને ફરીયાદ કરી, 'અમે તો મૂંગા ને મૂંગા મરી જઇશું. આ કોયલ તો સાવ મૂંગી મૂંગી રહે છે. અમને તો બે ઘડી ચૂપ રહેતા જ અમારો દમ ઘૂંટાતો હોય તેવું લાગે છે.' અમને આ રીતે રહેવું નહી ફાવે.. અને ફરી કેટલાક કાગડાઓએ કાગરાજનો સાથ છોડી દીધો.

કાગરાજને ધીરે ધીરે ખબર પડવા લાગી કે અમારો અવાજ કેમ કર્કશ છે? પણ તે હજુ અડગ રહ્યા. તેમને કેટલાક સાથી કાગડાઓને બળજબરીથી પોતાની સાથે રાખ્યા.

બે દિવસ પછી જંગલમાં એક ઘટના બની. ગીધ અને સમડી વચ્ચે કોઇ બાબતે ખૂબ જ ઝઘડો થયો અને તેમના ટોળાં એકબીજાની સામસામે આવી ગયા. ઉડતાં ઉડતાં તેઓ આ કોયલ અને કાગડા રહેતા હતા ત્યાં આવ્યાં. કોયલના રહેઠાણમાં તો ભારે કોલાહલ અને ઝાપાઝપી થવા લાગી.

કોયલે આ જોયું તો તરત જ બધા સાથે મળી તે જગ્યા છોડી દૂર જવા લાગ્યા અને કાગડાઓને પણ કહ્યું કે તમે પણ આ જગ્યા છોડી દો. કોઇના ઝઘડામાં આપણે ફસાઇ જઇશું. પણ આ તો કાગડા એમને તો ઝઘડો ગમે બહુ એ તો કોઇ કાળે આ ઝઘડો જોવાની તક છોડવા માંગતા નહોતા. કાગરાજ અને બધા સમડી અને ગીધના ઝઘડાની વચ્ચે કેકારવ કરી તેઓ વધુ ઝઘડે તે રીતે ઉશ્કેરવા લાગ્યા. સમડી અને ગીધના જૂથનો ઝઘડો વધુ જામ્યો અને કાગડાઓને મજા આવી ગઇ.

પણ આ તો ઝઘડો એકાએક તેનું ચિત્ર પલટાયું. સમડી અને ગીધને લાગ્યું કે આ કાગડાઓને જ અમે ઝઘડીએ તેમા રસ છે એટલે તે બન્ને એક થઇ ગયા અને કાગડાઓ પર

તૂટી પડ્યાં. બિચારા કાગડાઓ ગીધ અને સમડીની ચાંચોનો માર ખાઇ ખાઇને કેટલાક તો મરણશરણ થયાં અને કેટલાક અધમૂઆ થઇ ગયા.

કાગરાજ તો માંડ માંડ બચ્યાં. ઘાયલ થયેલા કાગરાજ પહોંચ્યા સીધા ભગવાન પાસે ભગવાન તેમની હાલત જોઇને માર્મિક રીતે હસીને બોલ્યા 'કેમ કાગરાજ કોયલ સાથે ઝઘડો થયો ?'

કાગરાજ બિચારા શું બોલે ? તે ચૂપ રહ્યાં.

ભગવાને ફરી પૂછ્યું, 'કોયલ ક્યારેય કોઇ પર હુમલો કરતી નથી. પણ તમારે શું થયું ?' ભગવાન કાગરાજના મોઢે જ વાત સાંભળવા માંગતા હતા.

કાગરાજ વિલા મોંએ બોલ્યા, 'હે પ્રભુ, અમે અમે મીઠા અવાજની લાલચમાં તેમની પાસે રહેવા ગયા તો ખરાં પણ અમે અમારો સ્વભાવ છોડી ન શક્યાં.' કાગરાજે તેમની આખી આપવીતી જણાવી અને છેલ્લે બોલ્યા, 'હે પ્રભુ, હવે અમને સમજાયું કે અમારો અવાજ કર્કશ કેમ છે ?'

ભગવાન તરત જ બોલ્યા, 'હે કાગરાજ, જ્યારે સૃષ્ટીની રચના થઇ હતી ત્યારે અમે સૌને સુંદર અને મનમોહક રંગ, આકાર અને અવાજ આપ્યા જ હતા. પણ ધીરે ધીરે દરેક પશુ, પક્ષીઓએ પોતપોતાના સ્વભાવ પ્રમાણે તેમાં પરિવર્તન આવતા ગયા. અત્યારે તમારી પાસે જે અવાજ છે તે તમારા જીવનની જ ફળશ્રુતિ અને તમારા અમે મીઠા અવાજની લાલચમાં તેમની પાસે રહેવા ગયા તો ખરાં પણ અમે અમારો સ્વભાવ છોડી ન શક્યાં.' કાગરાજે તેમની આખી આપવીતી જણાવી અને છેલ્લે બોલ્યા, 'હે પ્રભુ, હવે અમને સમજાયું કે અમારો અવાજ કર્કશ કેમ છે ?'

ભગવાન તરત જ બોલ્યા, 'હે કાગરાજ, જ્યારે સૃષ્ટીની રચના થઇ હતી ત્યારે અમે સૌને સુંદર અને મનમોહક રંગ, આકાર અને અવાજ આપ્યા જ હતા. પણ ધીરે ધીરે દરેક પશુ, પક્ષીઓએ પોતપોતાના સ્વભાવ પ્રમાણે તેમાં પરિવર્તન આવતા ગયા. અત્યારે તમારી પાસે જે અવાજ છે તે તમારા જીવનની જ ફળશ્રુતિ અને તમારા સ્વભાવનો જ પડઘો છે. જો તમે ઉત્તમ જીવન અપનાવશો તો તમારો રંગ, આકાર અને અવાજ બધુ ઉત્તમ બનશે. પણ અધમ પ્રકૃતિ સ્વીકારશો તો તમારો અવાજ આપોઆપ કર્કશ બની જશે.'

કાગરાજે બન્ને પાંખો ફેલાવી અને પ્રણામ કરતા કહ્યું, 'હા પ્રભુ, હવે અમને સમજાયું કે કોયલોનો અવાજ મીઠો અને અમારો અવાજ કર્કશ કેમ ? કોયલનું જીવન ઉત્તમ કક્ષાનું, જરૂરીયાત પ્રમાણે અને મીઠું જ બોલવાવાળું, ઉત્તમ ભોજનની સમજણ, નકારાત્મક ભાવથી હંમેશા દૂર રહેનારું છે. જેનાથી અમે તો જોજનો દૂર છીએ. ભગવાન અમને માફ કરો !' અને કાગરાજ પ્રભુને નમી પડ્યાં. જીવનની મધુરતાનો સાચો પાઠ શીખી ગયેલા કાગરાજને ભગવાને હસતાં હસતાં વિદાય આપી.

સ્ટેટસ –

એકદમ સરળ હતો રસ્તો સરળ રહેવાનો. પણ ઘણાંને હોય છે શોખ બરડ રહેવાનો.

# અંતર એક ફૂટનું !

– શ્રીમતી નયના શાહ

ડોક્ટર નીલકંઠે ઘડિયાળમાં જોયું.

સાડા દસ થઈ ગયા હતા. આજે પણ હેરમ્બ સૂઈ જ ગયો હશે. બહાર કેટલા બધા દર્દીઓ હજી પણ એની રાહ જોઈ રહ્યા હતા ! શહેરનો નંબર વન ડોક્ટર હતો, હૃદયરોગનો નિષ્ણાત. દર્દીઓને ભગવાન પછી જો કોઇ પર ભરોસો હોય તો તે માત્ર ડો. નીલકંઠ પર એની પાસે સમયનો કેટલો અભાવ હતો ! ઘેર પત્ની તો સમજુ હતી કે ક્યારેય ફરિયાદનો શબ્દ ઉચ્ચારતી ન હતી પણ પુત્ર હેરમ્બનું શું ?

પણ બીજી જ મિનિટે વિચાર આવતો કે આ બધું કોના માટે ?

આ બધું હેરમ્બ જ વાપરવાનો છે ને ! અને હજી તો માત્ર દસ વર્ષ જ થયા છે આ પ્રેક્ટિસ ચાલુ કરે. એમાં પણ ઘર આંગણે મર્સીડિઝ જેવી કાર, મહેલ જેવો બંગલો, બે હોસ્પિટલ, બધું ઊભું કરી શક્યો એ પોતાની રાતદિવસની મહેનતનું જ પરિણામ હતું ને ? બાકી એના મા–બાપે તો દેવું કરીને જ એને ભણાવ્યો હતો. દસ વર્ષમાં બધું વ્યાજ સાથે ચૂકતે પણ થઇ ગયું.

અત્યારે હોસ્પિટલો અને બંગલો બધું પોતાનું હતું. હવે દેવું પણ ન હતું. મા–બાપ કેટલા સામાન્ય સ્થિતિના હતા ! એની ફી ભરવાની હોય કે કોલેજના પુસ્તકો કે થોડા ઘણા સાધનો લાવવાના હોય તો દરેક વખતે મમ્મીનો એકાદ દાગીનો હોમાઈ જતો હતો. એમ.બી.બી.એસ. પછી એને આગળ ભણવાની ઈચ્છા વ્યક્ત કરી ત્યારે પણ માબાપે ખુશી ખુશી હા કહી હતી. પરંતુ એને આગળ ભણવા માટે અમદાવાદને બદલે ચંદીગઢ પસંદ કર્યું હતું. જો કે મા–બાપે ક્યારેય એવું વ્યક્ત કર્યું ન હતું કે આ માટે અમે પૈસા ક્યાંથી લાવીશું ?

જ્યારે એ ચંદીગઢ ભણતો હતો ત્યારે મા કેટલી બધી વાર આવી ગઈ હતી. કેટલીય વાર રિઝર્વેશન વગર આવી હતી. એટલું જ નહીં પણ કેટકેટલો સામાન લઈને આવતી. એમાં એના કપડાં ઓછા અને નાસ્તા વધુ રહેતાં. અભ્યાસ પુરો થયા બાદ એને ત્યાં જ સરકારી દવાખાનામાં નોકરી મળી ગઇ હતી. પગાર સારો હતો તેથી મા–બાપે વિરોધ ના કર્યો. પરંતુ એની મમ્મીએ પત્ર લખીને એટલું તો લખ્યું કે બેટા, તું નજર સામે રહ્યો હોત તો અમને જરૂર ગમત, પરંતુ અમે માનીએ છીએ કે તે જે નિર્ણય લીધો હશે એ સમજી વિચારીને જ લીધો હશે.

એ દરમિયાન એના સાથી ડોક્ટરના પરિચયમાં આવતા એ ત્યાં એમના ઘેર જતો આવતો રહેતો અને એની બહેનનો પરિચય થતાં ધીરે ધીરે એ પરિચય પ્રેમમાં પલટાઇ ગયો હતો. મા–બાપે એના નિર્ણય સામે વિરોધ ના કર્યો, પરંતુ એટલું તો કહ્યું કે, "બેટા, ગુજરાતમાંથી છોકરી પસંદ કરી હોત તો એ અવારનવાર અહીં વાર–તહેવાર અને સારા–માઠા પ્રસંગે આવતી રહેત. ત્યારે તો નીલકંઠે કહેલું, મારે સરકારી નોકરી છે. એમાં ઘણી બધી રજાઓ મળશે.

અમે આવતા જતા રહીશું અને હું તો તમને પણ કહું છું કે તમે પણ અમારી સાથે આવીને

ચંદીગઢ રહો. હવે પપ્પાને નિવૃત્તિના પાંચ વર્ષ જ બાકી છે. પછી તમે ત્યાં આવી જાવ. પપ્પાને હમણાં પણ નોકરી છોડવી હોય તો ભલે છોડે. મારો પગાર સારો છે. લોનના હપ્તા પણ એક સાથે ભરાઈ પણ જશે કારણ મને ખ્યાલ છે કે તમે તમારા પગારમાં મને આટલું ભણાવી ના શકો.

બેટા, અમે જે કંઇ પણ કર્યું એ અમારી ફરજ હતી. અમે ક્યારેય કંઈ જ અપેક્ષા રાખી નથી. ભગવાનને અમે માત્ર એટલી જ પ્રાર્થના કરીએ છીએ કે તું સુખી થાય. જ્યાં પ્રેમ છે ત્યાં અપેક્ષા રાખવાની ના હોય. આ કઈ સોદો નથી કરતા કે અમે તને ભણાવ્યો એનો તું બદલો આપે ! મા-બાપ દીકરા બધાના સંબંધો પ્રેમના છે એમાં ક્યાંય કંઈ જ ગણતરી ના હોય.

એ કમાતો થયો પછી એણે એના મા-બાપને પૈસા આપવા માંડેલા ત્યારે માબાપે કહેલું, બેટા, હજી તારે પારકા પ્રદેશમાં પૈસાની ઘણી બધી જરૂર પડશે અને હજી અમારે નિવૃત્ત થવાના ઘણા વર્ષો બાકી છે. બધું ઈશ્વર સારું જ કરશે અને અમારે જ્યારે જરૂર હશે અને અમે માંગીશું તો તું ક્યાં ના પાડવાનો છું ?

લગ્ન વખતે નીલકંઠના સાસરેથી ઘણી મોટી રકમ આવી હતી. તે ઉપરાંત અત્યાર સુધી નોકરી કરીને નીલકંઠે બચત તો કરી જ હતી. તેથી જ લગ્ન બાદ થોડી ઘણી લોન લઈ એને એની ખાનગી પ્રેક્ટિસ ચાલુ કરી નોકરી છોડી દીધી. નીલકંઠ સખત પરિશ્રમ કરતો. રાત-દિવસ જોયા વગર ઓપરેશનો કરવા, દર્દીઓ તપાસવા અવિરતપણે ચાલુ જ રાખતો. પત્ની ઘણી સુશીલ હતી એટલે એની દરેક સગવડ સાચવાતી. પરિણામ સ્વરૂપ એકાદ વર્ષમાં જ હોસ્પિટલે નામના મેળવી હતી. એ દરમિયાન ન તો એ એના મા-બાપ સાથે શાંતિથી વાત કરતો કે ન તો એને ખાવાપીવાના હોંશ રહેતા એ હંમેશ દર્દીઓથી ઘેરાયેલો જ રહેતો.

હેરમ્બના જન્મ સમયે એના મા-બાપ આવેલા પણ એમણે જોયું કે નીલકંઠ એટલો વ્યસ્ત રહે છે કે એને ખાવાપીવાના પણ હોંશ રહેતા નથી. હા, છતાં પણ એણે એની બેનને કહેલું નામ રાશિ પર પાડવું જરૂરી નથી. નામ સુંદર અને સરસ હોવું જોઈએ. પરંતુ બધાનો આગ્રહ રાશિ પર નામ પાડવાનો જ હતો. તેથી તો એની બટકબોલી બહેન બોલી ઊઠી. ભાઈ, તારી વ્યસ્તતા જોઈ એક વાત નક્કી છે કે તું ભગવાનનું નામ નહીં લઇ શકે. આપણે રહ્યા ગણપતિના ઉપાસક માટે એનું નામ રાશિ પર 'હેરમ્બ' પાડ જેથી તું એ બહાને ભગવાનને યાદ કરી શકે અને સાચું કહું, મરતી વખતે તારા દર્દીઓ નીલકંઠ. નીલકંઠ બોલતા હશે તો ભગવાનનું નામ દેવાથી એમને બધાને મોક્ષ મળી જતો હશે. નીલકંઠ પણ તે દિવસે મજાકના મૂડમાં હતો તેથી બોલેલો, મારા દર્દીઓ નીલકંઠ. નીલકંઠ બોલે છે માટે મોત આવતું નથી અને તેથી તો મને સફળતા મળે છે. મારા કોઈ દર્દીને હજી મારા હાથે મોક્ષ મળ્યો નથી.

નીલકંઠના દર્દીઓનો આગ્રહ રહેતો કે તમે શહેર વિસ્તારમાં દવાખાનું છે તો એક પરા વિસ્તારમાં ખોલો. તમારા બંગલાથી નજીક. નીલકંઠને પુષ્કળ પૈસા મળે જતો હતો. ધીરે ધીરે એક સમય એવો આવ્યો કે નીલકંઠને પૈસા વાપરવાનો સમય પણ ન હતો. એની પત્ની કહેતી, હવે બસ કરો, ઘણું બધું છે. પૈસા કેટલા વાપરી શકીશું ? જિંદગીની એકરસતાથી તો હું પણ હવે કંટાળી ગઈ છું.

નીલકંઠની ખ્યાતિ દેશ-વિદેશમાં પણ ફેલાવવા લાગેલી. હવે તો ક્યારેક ક્યારેક ઓપરેશન માટે નીલકંઠને પરદેશ પણ જવું પડતું. રાતદિવસ કામથી ઘેરાયેલા રહેતાં નીલકંઠને એ પણ વિચાર આવતો નહીં કે ઘેર એક પત્ની અને પુત્ર છે અને દૂર અમદાવાદ શહેરમાં માતા-પિતા તથા બહેન છે. મા બાપના ફોન આવે ત્યારે મોટે ભાગે એ દર્દીઓથી ઘેરાયેલો હોય,ક્યાં તો ઓપરેશનમાં વ્યસ્ત હોય. જેથી એના આસિસ્ટન્ટ જ જવાબ આપી દેતા કે સાહેબ કામમાં છે તમે સંદેશો આપી દો.

ત્યારબાદ તો નીલકંઠના પપ્પા વાત કરવાને બદલે મેસેજ કરતાં. જેથી નીલકંઠને ફુરસદ મળે તો એ વાંચીને ફોન કરે પણ નીલકંઠને ઓપરેશન બાદ થોડો સમય મળે તો ખુરશી પર જ માથું ટેકવીને સૂઈ જતો. કેટલી વખત એવું બનતું કે સવારનું ટિફિન સાંજ સુધી પડી રહેતું.

રાત્રે ઘેર જતો ત્યારે પણ હાથમાં ચોપડી હોય અને થાળીમાં શું પીરસાયું છે એ જોયા વગર જ જમવા લાગતો કારણ એને દર્દીઓમાંથી સમય મળે તો એ અદ્યતન શોધો વિશે વાંચી શકે ને ? અરે !

એને તો પેપર વાંચવાનો પણ સમય મળતો ન હતો. હેરમ્બ ઘણીવાર પૂછતો, મમ્મી, અમારે વેકેશન હોય છે, રવિવારની તહેવારોની બધી જ રજા હોય છે તો પપ્પાને કેમ દવાખાને રજા ના હોય ? પુત્રને તો એ સમજાવતી કે પપ્પા સેવા કરે છે એમાં રજા શેની ? તારા પપ્પા, કેટલીક વ્યક્તિઓને મોતના મોંમાંથી બચાવી લે છે. સેવા કાર્યમાં બેટા રજા ના હોય.

પણ આખરે તો એ પત્ની હતી. એની પણ ઇચ્છા હોય કે પતિ ક્યારેક વર્ષમાં બે ચાર દિવસ તો પોતાના માટે કાઢે પણ એ બોલી શકતી ન હતી. અડધી રાત્રે પણ ક્યારેક કોઈ દર્દીની તબિયત બગડતાં પતિ હોસ્પિટલ દોડી જતો. ત્યારે એને જરૂર થતું કે મોબાઇલની સ્વીચ બંધ કરી દે. ઘરના ફોનના પ્લગ કાઢી નાખે. જેથી એ શાંતિથી સૂઇ શકે પણ બીજી મિનિટે એનું મન કહેતું પતિ જે દર્દી માટે દોડીને જાય છે એ પણ કોઇનો પતિ, દીકરો કે ભાઈ કે પુત્ર હશે. એ શા માટે આવા પાપમાં પડે ?

એની જિંદગી આમ જ વીતી જાત જો તે દિવસે એની કેબિનમાં એ સ્ત્રી ના આવી હોત ! એ દર્દીને તપાસી રહ્યો હતો ત્યારે એ સ્ત્રી બહાર બેઠેલા પટાવાળાની અવગણના કરી વાવાઝોડાની જેમ એની કેબીનમાં આવી હતી અને સીધો જ સવાલ કર્યો હતો.

ડોક્ટર, મારા પપ્પાના આખા શરીરમાં નળીઓ, સોયો સિવાય કંઈ જ નથી. બોલો મારા પપ્પાને શું થયું છે ? થોડી પળ નીલકંઠ સ્તબ્ધ બની ગયો પણ બીજી જ પળે બોલી ઉઠ્યો, જુઓ બેન, તમારા પપ્પાને ઘણા બધા પ્રકારની તકલીફો છે. આ બધુ કાઢી લઈશું તો એ થોડા દિવસના જ મહેમાન છે. નીલકંઠે બોલવામાં બને તેટલો સંયમ રાખેલો. તો આ બધું કેટલા દિવસ રાખવું પડશે ? આ બધું જ્યારે કાઢી લઈશું ત્યારબાદ કેટલા દિવસ નીકળશે એ હું કહી ના શકું. અમે બને તેટલો પ્રયત્ન કરીશું કે લાંબો સમય આપણા બધા વચ્ચે રહી શકે. ડોકટરે સહાનુભૂતિપૂર્વક કહ્યું. એ સ્ત્રી કાકલુદી ભર્યા સ્વરે બોલી, ડોક્ટર તો એક કામ કરો આ બધું

કાઢયા પછી પણ પપ્પા હવે થોડાક દિવસ જીવવાના છે તો મહેરબાની કરીને પપ્પાને ઘેર લઈ જવાની રજા આપો.

પરિવાર વચ્ચે રિબાયા વગર હસતા રમતા પરિવારમાંથી વિદાય લે નહીં કે આખા શરીરે નળીઓ અને સોયો સાથે વિદાય થાય. અહીં આઈસીયુમાં માત્ર એક વ્યક્તિ બેસી શકશે અને સતત મોતના ઓથાર હેઠળ જીવતા પપ્પા અમારે નથી જોવા. ડોક્ટર અમને પપ્પાને ઘેર લઈ જવાની રજા આપો. નીલકંઠ ગુસ્સે થતા બોલી ઊઠ્યો, આ નળીઓને કારણે તેમનું થોડું ઘણું આયુષ્ય લંબાયુ છે બાકી તો. બસ ડોકટર આગળ બોલવાની જરૂર નથી. વિજ્ઞાન આટલું આગળ વધી રહ્યું છે. નવી નવી શોધોને કારણે થોડા ઘણા દિવસો બોનસ તરીકે મળે તો શું ખોટું છે ?

ડોક્ટર, તમારી વાત તમારી રીતે સાચી હોઈ શકે અને તમે સાચા પણ હોય, પરંતુ તમે ડોક્ટર છો એટલે મારી અને તમારી વિચારસરણીમાં એક ફુટનું અંતર છે. તમે બુદ્ધિશાળી જીવ છો. તમે બુદ્ધિથી વિચારો છો. જ્યારે અમે તો લાગણીના જીવ છીએ અને હૃદયથી વિચારીએ છીએ. તમે હૃદયને એક શરીરનું અવયવ સમજો છો જ્યારે અમે એને લાગણીનું ઉદ્‌ગમસ્થાન સમજીએ છીએ. ડોકટર, તમને એક વિનંતી કરું છું તમે પણ હદયથી વિચારો, મારા પપ્પાને અમે હંમેશા લાગણીથી જીવતા જોયા છે. અમને બધા ભાઈ-બહેનોને ભરપૂર પ્રેમ આપ્યો છે. અમે એમને રિબાતા નથી જોઈ શકતા.

એ સ્ત્રીની આંખમાં આંસુ હતા. ડોક્ટરે થોડા ગુસ્સામાં કહ્યું પણ ખરું, આવી રીતે અમે કોઈ દર્દીને રજા ના આપીએ ડોકટર તમે હદય રોગના નિષ્ણાત છે.

નીલકંઠ સ્તબ્ધ બની ગયો બોલ્યો, બેન પૈસાની ચિંતા ના કરતા. પરંતુ નીલકંઠનુ વાક્ય વચ્ચેથી કાપતાં જ એ સ્ત્રી બોલી, પૈસાનો સવાલ નથી. મારા બે ભાઈઓ ડોલરમાં કમાય છે. પપ્પાની માંદગીના સમાચાર જાણી એ આજે ભારત આવી જશે. અમારો પૂરો પરિવાર ભેગો થશે. પપ્પાનું મોત જો નિશ્ચિત હોય તો ભલે. તમે હૃદયના વાલ્વ બદલી નાખો છો જેથી અશુદ્ધ લોહી શુદ્ધ થઈને શરીરમાં ફરતું રહે. તમે બંધ નળીઓ પણ બાયપાસ સર્જરી કરીને ખોલી નાખો માંદગીના સમાચાર જાણી એ આજે ભારત આવી જશે. અમારો પૂરો પરિવાર ભેગો થશે. પપ્પાનું મોત જો નિશ્ચિત હોય તો ભલે. તમે હૃદયના વાલ્વ બદલી નાખો છો જેથી અશુદ્ધ લોહી શુદ્ધ થઈને શરીરમાં ફરતું રહે. તમે બંધ નળીઓ પણ બાયપાસ સર્જરી કરીને ખોલી નાખો છો.

ડોક્ટર, તમે મગજના વિચારો છોડી હૃદયના બંધ દ્વાર ખોલી નાંખો. મારી રીતે વિચારો મારા પપ્પાએ અમારા ભાઈ બહેનો માટે શું નથી કર્યું ? અમારી જરૂરિયાતો પૂરી કરવા સવારે અને સાંજે પાર્ટ ટાઈમ નોકરી કરતા હતા. તે ઉપરાંત નોકરી તો ચાલુ જ હતી. અમારી માગણીઓ હંમેશા સંતોષી છે એ પપ્પા આજે આ સ્થિતિમાં પણ દયામણી દ્રષ્ટિએ મારી તરફ જોઈને આંખોથી જાણે કહી રહ્યા છે કે મારે ઘેર જવું છે. મારા પપ્પા ને રજા આપી દો કહેતાં એ સ્ત્રી ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

એના આંસુ જોઈ નીલકંઠે કહ્યું, સારું, થોડીવાર બહાર બેસો. હું આ દર્દીને તપાસીને આવું છું, એ સ્ત્રી તો બહાર બેઠી પણ નીલકંઠના મગજમાં જાણે એના શબ્દો હથોડાની જેમ પડી રહ્યા હતા. આપણી વિચારસરણીમાં એક ફુટનું અંતર છે. તમે મગજથી વિચારો છો હું હૃદયથી વિચારું છું. એ સ્ત્રી સહેજે પચાસ વર્ષની હશે. જે એંસી વર્ષના વૃદ્ધ માટે કેટલું તડપે છે ! ત્યાં જ નર્સ અંદર આવીને ફરિયાદના સ્વરે બોલી, ડૉક્ટર, આઈ.સી.યુ.ના દર્દીને પાંચ છ છોકરાઓ વીંટળાઈ વળ્યા છે અને એક રટ લીધી છે અમારા દાદાને ઘેર લઈ જવા છે. તમે આવીને સમજાવો.

ડોકટર ફરી વિચારમાં પડી ગયા. પુત્રીને પિતા માટે સ્વાભાવિક લાગણી હોય પરંતુ આ બાળકોને પણ દાદા માટે આટલી બધી લાગણી આ કદાચ વધારે પડતાં લાગણીવેડા અને વેવલાવેડા જ કહેવાય ને ? નીલકંઠ વિચારી રહ્યો હતો ત્યાં જ ફોનની ઘંટડી વાગી. નીલકંઠે જાતે જ ફોન ઉઠાવ્યો સામે છેડેથી એની મમ્મીનો અવાજ આવી રહ્યો હતો કહી રહી હતી, બેટા, કેટલા બધા દિવસો પછી તારો અવાજ સાંભળવા મળ્યો ?

તારી તબિયત તો સારી છે ને ? જો તું બહુ કામ ના કરીશ. થોડો આરામ પણ કરજે. નહિ તો માંદો પડી જઈશ. તું અમારી ચિંતા ના કરીશ અને હા જો આપણી પડોશમાં રહેતા મગનકાકા ચંદીગઢ આવવા નીકળી ગયા છે. એમની જોડે તારા માટે નડિયાદનું ભૂસું અને વડોદરાની ભાખરવડી અને લીલો ચેવડો મોકલ્યા છે. બીજો નાસ્તો મોકલવાની ઈચ્છા બહુ જ હતી પણ બિચારા વૃદ્ધ માણસ કેટલું ઊંચકી શકે ?

નીલકંઠને લાગ્યું કે માના શબ્દે શબ્દમાં પ્રેમ ટપકી રહ્યો છે. એનું ગળું ભરાઈ ગયું. થોડીવાર પહેલાં પેલી સ્ત્રીએ કહેલું, મારા પપ્પાએ અમારા માટે ઘણું કર્યું છે. અમે એમના મુખ પર સંતોષ જોવા માગીએ છીએ. નીલકંઠ એટલું જ બોલી શક્યો, મમ્મી, પપ્પા શું કરે છે ? તને તો તો એટલી ખબર નથી કે તને ફોન કરું એટલે તારા પપ્પા મારી બાજુમાં જ ઊભા હોય. એ પણ તારી સાથે વાત કરવા આતુર જ છે. નીલકંઠે આજે ઘણા વખત પછી પપ્પાનો અવાજ સાંભળ્યો હતો. એમાંથી સ્નેહની સરવાણી ફૂટી રહી હતી એ પણ મમ્મીની જેમ જ કહી રહ્યા હતા. તારી તબિયત સાચવજે. અહીંની ચિંતાના કરતો વગેરે વગેરે.

ફોન મુક્યા પછી એ વિચારતો હતો કે શું મમ્મી-પપ્પાની ચિંતા કરવા જેટલો પણ સમય એની પાસે છે ખરો ? આટલા વર્ષો પછી પણ મમ્મી પપ્પાને યાદ છે કે એને નડિયાદનું ભૂસું અને વડોદરાની ભાખરવડીને લીલો ચેવડો ભાવે છે. જ્યારે એને પૂછવામાં આવે કે તારા મા-બાપને શું ભાવે છે તો એ શું જવાબ આપશે ?

શું ખરેખર એ પૈસા પાછળ પડી હૃદયથી વિચારવાનું ભૂલી ગયો છે ? દસ વર્ષમાં પપ્પા-મમ્મી જોડે માંડ એકાદ વાક્યની આપ-લે થઇ હશે. એ વિદેશ જતો ત્યારે પણ મમ્મી પપ્પાને ખબર પડતી ન હતી. ટૂંકી આવકમાં પ્પપાએ કેટલું કર્યું ? અરે એ લોકો મારી ચિંતા કરે છે જ્યારે એમની ચિંતા કરવાનો મારી પાસે સમય જ ક્યાં છે ?

નર્સ ડોકટરને ફરી પૂછી રહી હતી, આઈસીયુના દર્દીનું શું કરવાનું છે ? એમને રજા

આપી દો અને હવે પછી બીજા બે દિવસ હું નથી અને ટ્રાવેલ કંપનીમાં ફોન કરી મારી અમદાવાદની પ્લેનની ટિકિટ મંગાવી લો કહેતાં બહાર બેઠેલા દર્દીઓ સામે નજર કર્યા વગર ડોક્ટર નીલકંઠ ઘેર જતાં રહયાં. ઘેર પત્ની અને પુત્ર નીલકંઠને જોઈ ને ખુશ થઇ ગયા હતા. આવતાની સાથે એ બોલી ઊઠ્યા, મગનકાકા નડીઆદનું ભૂસું અને વડોદરાની ભાખરવડીને લીલો ચેવડો લાવ્યા છે એ આજે ખાઈ નાંખીએ.

પત્ની આશ્ચર્યથી પતિ સામે જોઈ રહી બોલી, મમ્મી અવારનવાર આવતા જતાં જોડે મોકલે છે પણ તમને નાસ્તો કરવાનો સમય જ ક્યાં હોય છે ? આજે હા આજે મેં એક ફુટનું અંતર ઘટાડી દીધું છે. પત્ની કશું સમજી નહીં. પત્ની સામે જોઈ નીલકંઠ બોલી ઊઠયો, "તું અને હેરમ્બ આજની ફલાઇટમાં અમદાવાદ જવાનું છે એની તૈયારી કરો. મને મમ્મી-પપ્પાને મળવાનું મન થયું છે.

પત્નીને નવાઈ લાગી પણ પતિમાં આવેલ પરિવર્તનથી એ ખુશ જરુર હતી.

## અદ્‌ભૂત શબ્દાનુપ્રાસ ?

**શબ્દ** નો પણ **સ્વાદ** હોય છે.
સત્ય હોય તો **કડવો** લાગે છે.
અસત્ય હોય તો **મીઠો** લાગે છે.

**ભૂલ** નું પણ **કદ** હોય છે.
પોતાની હોય તો **નાની** લાગે છે.
બીજાની હોય તો **મોટી** લાગે છે.

**વાત** નું પણ પણ **અંતર** હોય છે.
ગમતી હોય તો **ટુંકી** લાગે છે.
ન ગમતી હોય તો **લાંબી** લાગે છે.

**આંસુ** નું પણ **તાપમાન** હોય છે.
હરખ નું હોય તો **ઠંડુ** લાગે છે.
દર્દનું હોય તો **ગરમ** લાગે છે.

**સ્વાર્થ** નો પણ **સબંધ** હોય છે.
ગરજ હોય ત્યારે **ગાઢ** લાગે છે.
ગરજ ન હોય તો **વ્યર્થ** લાગે છે.

## WebSite પર પત્રિકા મેળવવા માટે

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા પ્રકાશિત થતી માસિક "બાજખેડાવાળ પત્રિકા" આપ સર્વે http://abbhs.in પર Patrika વિભાગ પર ક્લિક દરેક માસની પત્રિકા ડાઉનલોડ કરી જોઈ શકશો.

## What's APP પર પત્રિકા મેળવવા માટે

પત્રિકા મેળવવા માટે એક જાહેરાત આપેલ છે જે સ્કેન કરી તમે પત્રિકા What's APP માધ્યમથી દર મહિને જોઈ શકો છો. જેની નોંધ લેશો પત્રિકાના હયાત સભ્યો પણ આ લાભ લઈ શકે છે આમ છતાં આપને કોઈ તકલીફ હોય આમાં જોડાવામાં તો સંસ્થાની ઓફિસના નંબર પર ૭૫૭૩૯૭૮૪૭૭ પર ભાવેશભાઈ પંડયાનો સંપર્ક કરી શકશો. કાયમી ઉકેલ લાવવાના શુભ આશયથી વિના મૂલ્યે What's APP ગ્રુપ ચાલુ કરેલ છે તેનો લાભ લેવા નમ્ર વિનંતી. ગામે ગામના પ્રમુખોને આ લાભ લેવા માટેની માહિતી આપેલ છે જેની ખાસ નોંધ લેશો.

## સુધારા

ફેબ્રુઆરી–૨૬ની પત્રિકામાં પાના નં. ૧૩ પર દેવર્ષી દેવલ ઠાકરના જન્માક્ષરમાં તેઓ ગ્રીન કાર્ડ હોલ્ડર છે પરંતુ યુ.એસ. સીટીઝન ૨૦૨૭ તેવું વાંચવું.

**માલિક – પ્રકાશક – મુદ્રક – પ્રકાશન સ્થાન**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા વતી અને તરફથી**

**શ્રી દિલીપભાઈ પંડ્યા** દ્વારા બાજખેડાવાળ પત્રિકા નં.૧–૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂર્વ), અમદાવાદ–૮થી પ્રકાશિત કર્યું. (મો.) : ૭૫૭૩૯૭૮૪૭૭

(M) 9898535030, 9974127810